ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ(G3Q)ના સામાન્ય નિયમો :

1. પ્રારંભિક કક્ષાએ તાલુકા(નગરપાલિકા સમાવિષ્ટ) અને વોર્ડ કક્ષાએ સતત ૭૫ દિવસ સુધી ઓનલાઇન ક્વિઝ યોજવામાં આવશે.
2. દ્વિતીય તબક્કા દરમિયાન જિલ્લા અને મહાનગરપાલિકા કક્ષાએ ઓનલાઇન ક્વિઝ યોજવામાં આવશે.
3. ત્રીજા અને અંતિમ તબક્કામાં જિલ્લા અને મહાનગરપાલિકા કક્ષાની ઓનલાઈન ક્વિઝ પૂર્ણ થયા બાદ રાજ્ય કક્ષાએ ગ્રાન્ડ ફિનાલે મેગા ક્વિઝનું આયોજન કરવામાં આવશે.
4. WWW.G3Q.CO.IN ડોમેઈન પર રજીસ્ટ્રેશન કરાવીને સ્પર્ધક આ ક્વિઝ્મા ભાગ લઈ શકે છે. ક્વિઝના દરેક સ્પર્ધકને ક્વિઝમાં ભાગ લેવા માટે રજીસ્ટ્રેશન કરવાનુ રહેશે.
5. તાલુકા(નગરપાલિકા સમાવિષ્ટ) અને વોર્ડની કક્ષાએ વિજેતા, પછીથી જિલ્લા અને મહાનગરપાલિકા કક્ષાએ ભાગ લેશે અને તેમાંથી વિજેતા થનારને જ રાજ્ય કક્ષાએ ગ્રાન્ડ ફિનાલે મેગા ક્વિઝમાં ભાગ લેવા મળશે.
6. તાલુકા(નગરપાલિકા સમાવિષ્ટ) /વોર્ડ કક્ષાએ ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ (G3Q) દર અઠવાડિયે સતત ૭૫ દિવસ સુધી દર રવિવારના રોજ ૦૭:૦૦ કલાકથી દર શુક્રવાર સાંજના ૦૭:૦૦ કલાક દરમિયાન ખુલ્લી રહેશે.
7. તાલુકા(નગરપાલિકા સમાવિષ્ટ)/વોર્ડ કક્ષાએ ક્વિઝનો દરેક સ્પર્ધક સતત ૭૫ દિવસ સુધી દર અઠવાડિયે એક વખત ક્વિઝમાં ભાગ લઈ શકે છે પણ જે-તે સ્પર્ધક જે-તે અઠવાડીયા દરમ્યાન વિજેતા ઘોષિત થાય છે તો તે પુન: જે-તે શ્રેણીમા ભાગ લઈ શકતો નથી.
8. દર અઠવાડિયે તાલુકા(નગરપાલિકા સમાવિષ્ટ)/વોર્ડ કક્ષાના, શાળા અને કોલેજ-યુનિવર્સીટી વિભાગનાં દસ-દસ વિજેતાઓ તથા અન્ય પ્રજાજન કેટેગરીના ૨૦ વિજેતાઓ જાહેર કરવામાં આવશે.
9. તાલુકા(નગરપાલિકા સમાવિષ્ટ)/વોર્ડ કક્ષાના, શાળા અને કોલેજ-યુનિવર્સીટી વિભાગનાં વિજેતાઓ જિલ્લા કક્ષાની અને ત્યારબાદ રાજ્ય કક્ષાની ક્વીઝમાં ભાગ લઈ શકશે.
10. ક્વિઝ દરમિયાન પ્રાપ્ત થનારા ક્વિજનો ક્રમ અને ક્વિજનું સ્વરૂપ પણ દરેક ક્વિઝ સ્પર્ધક માટે અલગ અલગ રહેશે.
11. ક્વિઝના દરેક સ્પર્ધકને ક્વિઝની ભાષા પસંદ કરવા માટે ગુજરાતી અને અંગ્રેજીમાંથી કોઈ એક ભાષા પસંદ કરવાનો વિકલ્પ મળશે.
12. દર અઠવાડિયે તાલુકા(નગરપાલિકા સમાવિષ્ટ) અને વોર્ડ કક્ષાના શાળા અને કોલેજ/યુનિવર્સીટી વિભાગના પ્રતિ સ્પર્ધક દીઠ ક્વિઝનો સમયગાળો ૨૦ મિનીટનો અને ૨૦ ક્વિઝ રહેશે.
13. દરરોજ ૨૫૦ ક્વિઝની ડિઝીટલ પુસ્તિકા સ્પર્ધકોને માર્ગદર્શિકા તરીકે ઓનલાઈન પ્રાપ્ત થશે.
14. WWW.G3Q.CO.IN ડોમેઈન પર ક્વિઝ રમતી વખતે માર્ક એન્ડ રિવ્યૂ ઓપ્શન સિલેક્ટ કરવાથી જે તે જવાબ સેવ થઇ જશે અને સમય રહે તો તેને બદલવાની સગવડ પણ મળશે, અહીં સિલેક્ટ કરેલ સાચા જવાબના ૦૧ ગુણ મળશે અને જો જવાબ ખોટો હશે તો 0.૩૩ ગુણ પણ કપાશે. વિજેતાની પસંદગી સૌથી વધુ ગુણ ધરાવનારને (ઓછા સમયમાં) વિજેતા ઘોષિત કરવામાં આવશે. જ્યાં તમામ મેરીટ સરખા

થતાં ટાઈ પડે ત્યારે સ્પર્ધકના રજીસ્ટ્રેશનનાં સમય અને સ્પર્ધક દ્વારા ક્વિઝ શરૂ કરેલ સમય વચ્ચેના તફાવતને ધ્યાને રાખીને લઘુત્તમ સમય તફાવત ધરાવતા ઉમેદવારને વિજેતા ઘોષિત કરવામાં આવશે.

15. આ ક્વિઝમાં સામાન્ય સ્વરૂપે બહુ વૈકલ્પિક તથા ઓડિયો-વિડિયો સ્વરૂપે ક્વિઝ રહેશે જેમાં કેન્દ્ર તેમજ રાજ્ય સરકારની વિવિધ પ્રજાલક્ષી પહેલો, વિકાસગાથા, ગૌરવગાથા અને જન સુખાકારી યોજનાઓની માહિતી તેમજ સામાન્ય જ્ઞાન અને નોંધનીય બાબતોની ક્વિઝ રહેશે.
16. ક્વિઝના દરેક સ્પર્ધકને મળેલા ભાષા પસંદગીના વિકલ્પોમાંથી ગુજરાતી કે અંગ્રેજી એમ કોઈ એક ભાષા પસંદ કર્યા બાદ 'આરંભ' 'Start'નું બટન ક્લિક કરવાનું રહેશે. બટન ક્લિક કરતાં જ ક્વિઝનું ટાઇમર શરૂ થશે.
17. સમય માટે ક્વિઝના દરેક સ્પર્ધક પોતાની સ્ક્રીનની એક તરફ સતત ચાલતું ટાઇમર જોઈ શકશે.
18. વિજેતાની પસંદગી માટે ક્વિઝ સ્પર્ધકે આપેલા જવાબોની ખરાઈ ઉપરાંત સ્પર્ધકે જવાબો આપવા માટે લીધેલા કુલ સમયની પણ ગણના કરવામાં આવશે.
19. તાલુકા(નગરપાલિકા સમાવિષ્ટ)/વોર્ડ કક્ષાએ વિજેતા જિલ્લા-મહાનગરપાલિકા કક્ષાએ ભાગ લેવા ન ઈચ્છતા હોઈ તો તેઓ જે-તે કક્ષાએથી ઈચ્છાનુંસાર છોડી શકશે.
20. જિલ્લા (મહાનગરપાલિકા સમાવિષ્ટ) કક્ષાએ વિજેતા રાજ્ય કક્ષાએ ભાગ લેવા ન ઈચ્છતા હોઈ તો તેઓ પણ જે-તે કક્ષાએથી ઈચ્છાનુંસાર છોડી શકશે.
21. ક્વિઝના પરિણામ માટે ઓનલાઇન ક્વિઝ દરમિયાન દરેક સ્પર્ધકે ક્લિક કરેલા જવાબોના આધારે સર્વરને મળેલા ડેટાના કમ્પ્યૂટર એનાલિસિસ દ્વારા મળેલા ગુણને ધ્યાનમાં લેવામાં આવશે.
22. ક્વિઝના દરેક સ્પર્ધકે રજિસ્ટ્રેશન માટે પોતાની સાચી વિગતો આપવી અનિવાર્ય છે. વિજેતા થનારે આયોજકો સમક્ષ પોતાનું પ્રમાણભૂત અને માન્ય ઓળખપત્ર રજૂ કરવાનું રહેશે. રજિસ્ટ્રેશનની વિગતો અને ઓળખપત્ર વચ્ચે વિસંગતતા હશે તો જે તે ઇનામનો લાભ જે-તે સ્પર્ધકને મળવા પાત્ર થશે નહી.
23. ક્વિઝમાં ભાગ લેનાર દરેક સ્પર્ધક અને વિજેતાઓને ડીજીટલ સર્ટીફિકેટ આપવામાં આવશે.
24. ક્વિઝની કોઈ પણ બાબત અંગે શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્યનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ બાબતે કોઈ પણ પત્ર વ્યવહાર કે, રજુઆતને ધ્યાને લેવામાં આવશે નહી.
25. ક્વિઝનાં જવાબો અંગે તથા ક્વિઝની માહિતી અંગે ક્વિઝનાં આયોજકોનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.
26. આ ક્વિઝ મોબાઈલ ફોન, સ્માર્ટ ફોન, આઈ ફોન, ડેસ્કટોપ કોમ્પ્યુટર, લેપટોપ, ટેબ્લેટ, i-pad જેવા ઇલેક્ટ્રોનિક ઉપકરણોથી કોઈ પણ સ્થળેથી રમી શકાશે.
27. સ્થાનિક કક્ષાએ સ્પર્ધકોને ઈન્ટરનેટની ક્ષતિ, ઈન્ટરનેટની સ્પીડ, નેટવર્કની સમસ્યા, મોબાઈલ ફોન કે કોમ્પ્યુટરની સમસ્યા કે કોઈ પણ પ્રકારની ટેકનિકલ ક્ષતિ માટે ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ(G3Q) ના આયોજક શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારની કોઈ જવાબદારી રહેતી નથી અને આ બાબતના લગતા પ્રશ્નોને ધ્યાને પણ લેવામા આવશે નહી.

28. ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ(G3Q) ના આયોજક શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે આ બાબતે કોઈ પત્રવ્યવહાર કરવામા આવશે નહી.

29. ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ(G3Q)મા ભાગ લેનાર તમામ સ્પર્ધકો પોતાની સ્વેચ્છાએ આ ક્વિઝમા ભાગ લે છે અને ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ(G3Q) અંગેના તમામ નિયમો અને શરતો જે-તે સ્પર્ધકને મંજૂર અને કબૂલકર્તા રહેશે.

30. શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ(G3Q)ની તમામ બાબતો, ઈનામની રકમો અને શરતોમાં ફેરફાર કરવાનો તથા અસાધારણ સંજોગોમાં ક્વિઝ સંપૂર્ણપણે સમય અવધિ પહેલા સમાપ્ત કરવાનો અબાધિત અધિકાર ધરાવે છે.

31. જિલ્લા (મહાનગરપાલિકા સમાવિષ્ટ)/વોર્ડ કક્ષાએ થનારી ઓનલાઈન ક્વિઝ અને રાજ્ય કક્ષાની આયોજીત થનાર ગ્રાન્ડ ફિનાલે મેગા ક્વિઝના નિયમો હવે પછીથી વખતો-વખત જાહેર કરવામા આવશે.

32. ક્વિઝ માટેની વખતો વખતની અદ્યતન માહિતી www.g3q.co.in ડોમેઈન પર મુકવામાં આવશે.

16-7-22
Advisor KCG